Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-16, Issue-3, December-2022
www.researchguru.net

# ભારતીય જીવનના આધારરૂપ સામાજિક મૂલ્યો : ગીતાના સંદર્ભમાં

ડૉ. સુરેખાબેન કે.પટેલ

સંસ્કૃત વિભાગ જી. ડી. મોદી કોલેજ ઓફ આર્ટ્સ,પાલનપુર - 385001

લોકપ્રિયતાનાં શિખરો સર કરવાની ગીતાની તોલે જગતનો કોઈ ગ્રંથ આવી શકે તેમ નથી. આથી જ પ્રસ્થાનત્રયીમાં પ્રાચીન ઉપનિષદો અને મહર્ષિ બાદરાયણ રચિત બ્રહ્મસૂત્રો સાથે ગીતાને પણ અત્યંત આદરભર્યું સ્થાન આપવામાં આવ્યું છે. માત્ર ભારતના જ નહિ પરંતુ, મેક્સમૂલર, ડોઈસન, મેકનીકોલ અને બીજા અસંખ્ય જ્ઞાત-અજ્ઞાત પાશ્ચાત્ય વિદ્વાનોએ ગીતાની મુક્તકંઠે પ્રશંસા કરી છે. તેની સાર્વત્રિકતા બિનસાંપ્રદાયિકતા, સરળતા અને સમન્વયર્દષ્ટિ, માનવતાવાદ અને તાત્વિક પ્રશ્નોમાં હિંમત અને સાહસભેર સત્યને રજૂ કરનારી વિચારણા આ બધું જોતાં સહેજે આ ગ્રંથ તરફ આદરભાવ જન્મે છે.

સર્વાંગસંપૂર્ણ અને અધ્યાત્મલક્ષી જીવનશાસ્ત્રના આ પરિપૂર્ણ ગ્રંથમાં મહાભારતના ભીષણ યુદ્ધપ્રસંગની સાથે આધ્યાત્મિક સંવાદને વણી લેવામાં જે સ્વભાવિકતા જોવા મળે છે, તેમાં ગ્રંથકારની ઉંડી સૂઝનું દર્શન થાય છે. ગીતાશાસ્ત્રના વક્તા શ્રીકૃષ્ણ માનવરૂપમાં અવતરેલ પરમાત્મા અને અર્જુન કે જેને ઉદ્દેશીને આ ઉપદેશ અપાયો છે તે મહાપ્રતાપી, યુદ્ધનિપુણ અને સરળ સ્વભાવનો ક્ષત્રિય છે. માત્ર સાતસો શ્લોકોના નાનકડા સંવાદમાં મહર્ષિ વેદવ્યાસે એક તરફથી સમસ્ત ઉપનિષદ સાહિત્યનો નિચોડ રજૂ કર્યો છે, તો બીજી તરફ ‘પંચમવેદ’ ગણાતા મહાભારત કાવ્યનું સારસર્વસ્વ પણ તેમાં જ સમાવી દીધું છે. એટલું જ નહિ પરંતુ, શ્રીમદ્ભાગવત જેવાં મહાપુરાણો પણ ગીતાનો જ અર્થવિસ્તાર છે, એમ કહેવામાં આવે છે. મહાભારતકાર શ્રી વ્યાસજી પોતે જ કહે છે – **‘गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः।**

**या स्वयं पद्मनाभस्य मुखपद्माद्विनिःसृताः॥’**

આમ, શ્રીમદ્ ભગવદ્ગીતા વિશ્વસાહિત્યનો સર્વોત્તમ ગ્રંથ છે. માનવજીવનની સર્વશ્રેષ્ઠ સામગ્રી છે અને અનુભવની વરિષ્ઠ સંપત્તિ છે. કોઈપણ રાષ્ટ્રને ઉન્નતિના ઉત્તુંગ શિખરે ચડાવવા માટે ગીતાનો ઉપદેશ અદ્વિતીય છે. ગીતામાં સનાતનકાળ માટે મૂલ્ય જાળવી શકે એવા સિદ્ધાંતો મળે છે. સમગ્ર સમાજ અને દેશની ચિરંતન સંપત્તિરૂપ છે. માનવમાત્ર મહાનમૂલ્યો અને આદર્શોનો પૂજક હોય છે. આવાં મૂલ્યો અને આદર્શોના અનુપમ તેમજ સાંગોપાંગ પ્રસ્થાપનને કારણે શ્રીમદ્ભગવદ્ ગીતાનું સ્થાન જગતના વરિષ્ઠ ગ્રંથોની પ્રથમ હરોળમાં છે.

મૂળભૂત રીતે તો એક સામાજિક પ્રશ્નમાંથી જ ગીતાનો ઉદ્ભવ થયો છે. મહાભારતનું યુદ્ધ ઈતિહાસની કાયાપલટ કરનારું હતું. અનીતિ અને અધર્મનો વિસ્તાર થતો રોકવાની તાતી જરૂર હતી અને વિશાળ જનસમાજનું હિત પાંડવોના વિજયમાં હતું. યુદ્ધનાં આ દૂરોગામી પરિણામોનું વિસ્મરણ થવાથી કે તેને જ જાણવાથી જ અર્જુન મોહગ્રસ્ત બને છે અને યુદ્ધ કરવાનો ઈન્કાર કરી બેસે છે. વિશાળ જનમાનસનો વિચાર ન કરતાં તેની સન્મુખ ઉભેલા બાંધવો-સ્વજનો આદિનો વિચાર કરવા લાગે છે. આમ,તેની દૃષ્ટિ મર્યાદિત પર અને તત્કાલિક સમાજ પર કેન્દ્રિત થાય છે અને શ્રીકૃષ્ણ તેને વિશાળ જનમાનસનું સ્મરણ કરવા તેના હિતાર્થે યુદ્ધ કરવાનો નિર્દેશ કરે છે. જો સામાજિક દૃષ્ટિ ન હોત તો અર્જુનને ભગવાન કૃષ્ણનો ઉપદેશ શું હોત ? કદાચ તેને યુદ્ધ ન કરવાની અનુમતિ પણ મળી ગઈ હોત. નિવૃત્તિવાદીઓની જેમ અર્જુનના જીવનમાં આ પ્રસંગ વૈરાગ્ય જગાવનારો બન્યો હોત અને એ ભાવનાને દ્રઢ કરી અર્જુને સંન્યાસ પણ લીધો હોત. ગીતાનો કર્મ તરફનો પક્ષપાત, સ્વધર્મપાલન માટેનો આગ્રહ આદિ બાબતો તેની દૃઢ સામાજિક દૃષ્ટિનાં જ પ્રમાણો છે.

ત્યાગ એ ધર્મનો પ્રાણ છે. વ્યવહારમાં ડૂબી જનારા ક્યારેક પરમાર્થની પ્રાપ્તિ કરી શકતા નથી. માનવીમાં જેટલી ત્યાગભાવના વધુ તેટલો તેનો સ્વાર્થ ઘટે અને તેની સંસ્કૃતિ વધુ ઉન્નત બને. આથી, યોગ્ય માર્ગ તો એ છે (જે ગીતાનો માર્ગ છે) કે જેમનામાં વ્યવહારના ત્યાગની લાયકાત હોય તેઓ તેમ ભલે કરે. પરંતુ, અન્ય લોકો વ્યવહારને જાળવીને ત્યાગની આંતરવૃત્તિ કેળવે. આખરે તો આંતરભાવના જ ધર્મનું હાર્દ છે. આથી, વ્યવહારના પાલનમાં ત્યાગની આંતરવૃત્તિ કેળવવાથી માનવજીવનના અંતિમ લક્ષ્યરૂપ મુક્તિ મેળવી શકાય, એવો ગીતાનો વિચાર છે. આમ,ગીતામાં વ્યવહારના વિસ્તરણ દ્વારા પરમાર્થની પ્રાપ્તિનો માર્ગ દર્શાવાયો છે. ગીતાની વિશેષતા એ છે કે વ્યવહાર અને પરમાર્થ બંનેમાંથી કોઈપણ એકનું અવમૂલ્યન થયા વિના બંને એકબીજામાં ભળી સાર્થક બને છે.

સમગ્ર ભારતીય દર્શન પોતાના વ્યવહારુપણા માટે અત્યંત જાણીતું છે. માનવજીવનને ઉપકારક બનવામાં અને સમાજને ઉપયોગી બનવામાં જ દર્શનની ચરિતાર્થતા છે. ગીતા પણ આ દાર્શનિક પરંપરાનું અનુસરણ કરે છે. ગીતા, સર્વોત્તમ રીતે માનવજીવન કેવી રીતે વ્યતિત થઈ શકે તેની સમજૂતી આપતું શાસ્ત્ર છે. આથી જ ગીતાને દર્શન કે ધર્મશાસ્ત્ર આદિ કહેવા કરતાં કેટલાક વિદ્વાનો તેને ‘જીવનશાસ્ત્ર’ જ કહેવું પસંદ કરે છે.

‘સમાજ’ શબ્દ સામાન્ય વ્યવહારમાં ઘણી જ અસ્પષ્ટ અને અનિશ્ચિત રીતે વપરાય છે. ગીતામાં ‘સમાજ’ નો અર્થ સંકુચિત અર્થમાં નહિ પરંતુ, બહુ વ્યાપક દૃષ્ટિએ વિચાર કર્યો છે. તે પરથી જ ગીતા વિશ્વમાનવતાને સ્પર્શતું સર્વકાલિક શાસ્ત્ર છે. ગીતાના ‘સમાજ’માં સમગ્ર સજીવ સૃષ્ટિનો સમાવેશ થાય છે. યુગે યુગે માનવ ચેતના અનેક દિશાઓમાં વિસ્તરે છે. જ્ઞાન-વિજ્ઞાનની નવી ક્ષિતિજો માનવજાતિ સામે ખુલ્લી થાય છે. ગીતા, ઉંડાણ ભરેલી

વિચારપૂર્વકનું પોતાનું સામાજિક તત્વચિંતન રજૂ કરે છે, તેની ખાત્રી આપણને કરાવે છે.

કોઈપણ સામાજિક વિચારણા માટે સૌથી મોટી અને પાયાની સમસ્યા તેનું લક્ષ્ય નક્કી કરવાની હોય છે. સામાજિક પ્રાણી તરીકે મનુષ્ય પોતાના અધિકારો સાથે કર્તવ્યો પણ મેળવે છે. અંગત સ્વાર્થ કે મર્યાદિત વર્ગનાં હિતો સાચવવા માનવી પોતાના અધિકારોનો ઉપયોગ કરવામાં કર્તવ્ય પ્રત્યે બેદરકાર બને છે, એવું સતત રીતે જોઈ શકાય છે. સમાજની પ્રત્યેક વ્યક્તિનું અંગત શ્રેય, એ જો સામાજિક તત્વચિંતનનું લક્ષ્ય હોય તો એવું વ્યક્તિવાદી ચિંતન માનવીને આખરે પોતાના મર્યાદિત સ્વાર્થના વર્તુળમાં જ રાચતો કરી દે. બીજી બાજુ સમષ્ટિના હિતને પ્રાધાન્ય આપનારું સામાજિક ચિંતન વ્યક્તિ પાસેથી વધારે પડતા ત્યાગની અપેક્ષા રાખનારું બને છે. વ્યષ્ટિ અને સમષ્ટિનાં હિતોનો સંઘર્ષ યુગો જૂનો છે. વ્યક્તિવાદ સાચો છે, એમ માનવા જતાં માનવીની સ્વાર્થવૃત્તિને પંપાળવાનું બને છે અને તેને છૂટો દોર મળી જાય છે. બીજી બાજુએ સમષ્ટિવાદને અપનાવવા જતાં માનવીની વ્યક્તિમત્તાને તેના યોગ્ય વિકાસને બાધારૂપ થવાનો ભય રહેલો હોય છે. આ સંઘર્ષનો ગીતા જે રીતે નિચોડ લાવે છે, તે ગીતાના સામાજિક તત્ત્વચિંતનનું સર્વોત્તમ પાસું છે.

વ્યક્તિના હિતમાં જ સમાજનું હિત અને વ્યક્તિની ઉન્નતિમાં જ સમાજની ઉન્નતિ છે, પણ પોતાના કર્તવ્યો પ્રત્યે જાગૃત ન હોય તેવી વ્યક્તિ સાચી રીતે પોતાનું કે સમાજનું શ્રેય કરી શક્તી નથી. અધિકારો માટેની સાવધાની, કર્તવ્ય માટેની એટલી જ તત્પરતા વિના ક્યારેય યોગ્યતા પ્રાપ્ત થઈ શકે નહિ. વળી, સમાજથી તદ્દન નિરાળી રહી કોઈ પણ વ્યક્તિ પોતાનું શ્રેય પામી શક્તી જ નથી. વિશ્વજીવન એક એકમ છે અને સૌનું ભાવિ એક તાંતણે બંધાયેલું છે. વ્યક્તિએ પોતાના અધિકારોની નહિ પણ કર્તવ્યની ધૂણી ધખાવવાની છે. ગીતાનું સામાજિક તત્વચિંતન વ્યક્તિવાદી છે પરંતુ, અંગત સ્વાર્થનાં મર્યાદિત વર્તુળોમાં પૂરાઈ રહેનારો એ વ્યક્તિવાદ નથી. વ્યક્તિમત્તાના વર્તુળનું વિસ્તરીકરણ ગીતાને અભિપ્રેત છે. 'સ્વ' નો ક્રમશઃ વધુને વધુ વિસ્તાર કરવામાં જ વ્યક્તિનો સાચો વિકાસ છે અને તેમાં જ સમષ્ટિનું હિત પણ રહેલું છે. વ્યષ્ટિ અને સમષ્ટિ આ રીતે એક-બીજામાં ઓત-પ્રોત થઈ જાય એવો ગીતાનો આ વિચાર વ્યક્તિવાદ અને સમાજવાદના સંઘર્ષના મૂળને જ ડામી દે છે. ગીતા એવા માનવીનો આદર્શ રજૂ કરે છે જે બધાં પ્રાણીઓમાં પોતાના જ **'સ્વ'** ને વિસ્તરેલો અને પોતાના **'સ્વ'**માં સર્વપ્રાણીઓને સમાયેલાં જુએ છે.[1] આવો માનવી સ્વભાવથી, સ્વેચ્છાથી જ સર્વભૂતોના હિતમાં સદા રત રહેનારો હોય છે.[2] સમાજની પ્રત્યેક વ્યક્તિ માત્ર અંગત રીતે પોતાની જરૂરિયાતો પૂર્ણ કરવા અસમર્થ છે. તે સમષ્ટિને આધીન છે. આમ, વ્યક્તિ અને સમાજ આ રીતે પરસ્પર પૂરક બની રહે છે. વ્યક્તિની આ મર્યાદામાં જ સમાજ ભાવનાનાં મૂળ પડેલાં છે. પારસ્પરિક રીતે એકબીજાના પૂરક બનવાનો આ વિચાર ગીતાની યજ્ઞભાવનામાં પડેલો જોઈ શકાય છે. તેનું શ્રેષ્ઠ ઉદાહરણ ગીતાની **'યજ્ઞભાવના'** છે. સમાજ વ્યવહારનું પાલન કરતાં કરતાં વ્યક્તિ પોતાનાં સમાજિક કર્તવ્યોનું પાલન કરે અને તે તેના અધ્યાત્મિક ઉત્કર્ષનું પણ નિમિત્ત બને. શરીરના નિર્વાહ અર્થે કર્મો તો

કરવાં જ પડે તેમ હોઈ ગીતા, યજ્ઞાર્થે કર્મ કરવાનો આદેશ આપે છે. યજ્ઞથી દેવોને સંતુષ્ટ કરો અને સંતુષ્ટ દેવો તેમને સંતુષ્ટ કરશે. આમ, પરસ્પર સંતુષ્ટ કરતાં તમે પરમકલ્યાણને પામશો.[3] આમ, **'આપીને લેવું'** એ લેવાની સર્વોત્તમ રીત ગીતા આપણને શીખવે છે.

ગીતા '**નિષ્કામકર્મ**'ની મહત્તા સમજાવે છે છતાં, યજ્ઞમાં આદાન- પ્રદાનના વિનિમયને સ્વીકારે છે. કેમ કે તેના પર જ સમાજજીવનની ઈમારત ચણાયેલી છે. આ પાયાની બાબતને જે મનુષ્ય સ્વીકારતો નથી તેને ગીતા 'ચોર' કહે છે.[4] યજ્ઞ કરતાં બાકી રહેલું અન્ન અમૃતરૂપ છે. તેનું ભોજન કરનાર સર્વ પાપોથી મુક્ત થઈ કલ્યાણ પામે છે અને જે પોતાના માટે રાંધે છે તે માત્ર પાપનો જ આહાર કરે છે.[5] કર્તવ્યપાલનથી જ સૃષ્ટિચક્ર ચાલે છે, પરતું જે સૃષ્ટિમાં રહીને પોતાના કર્તવ્યનું પાલન કરતો નથી, તેનું જીવવું વ્યર્થ છે.[6] માનવે તમામ કર્મ યજ્ઞભાવનાથી કરવાં જોઈએ. ગીતા કર્મને સાધનાના પ્રવાહ જેવા કરી દેવાનો ઉપદેશ આપે છે અને આવાં કર્મ દ્વારા ઈશ્વરની ઉપાસના કરતાં કરતાં માણસે સો વર્ષ જીવવાની આશા રાખવી જોઈએ.[7] ભગવાન કૃષ્ણ તેથી જ તો કહે છે 'તું નિત્ય કર્મ કર કારણ કે કર્મ ન કરવા કરતાં નિષ્કામ કર્મ શ્રેષ્ઠ છે.'[8]

આ રીતે અધ્યાત્મિક ઉત્કર્ષલક્ષી સમાજજીવનનો પાયો ગીતાની યજ્ઞભાવનામાં પડેલો છે. રોજી-રોટી એ વ્યક્તિની પાયાની જરૂરિયાતો છે, તે સંતોષાવી જોઈએ પણ તેનો સંતોષ કોઈપણ વ્યક્તિ માટે પૂરતો હોઈ શકે નહિ. ગીતાનું સામાજિક તત્વચિંતન આ રીતે વ્યવહાર અને પરમાર્થ બંનેને લક્ષમાં લે છે. માનવીની પાયાની જરૂરિયાતને જ મુખ્ય જરૂરિયાત ગણાવનાર વિચારધારાઓ કરતાં આ રીતે ગીતા ઘણો જ ચડિયાતો વિચાર આપે છે.

ગીતા, એ સામાજિક ભાવનાનો પણ વિચાર કરનાર ગ્રંથ હોવાથી જ કર્મ દ્વારા કર્મથી છૂટવાનો નહિ પરંતુ, કર્મ દ્વારા કામનાઓની છૂટવાનો માર્ગ આપે છે. કર્મનું આધ્યાત્મિક દૃષ્ટિમાં રૂપાંતર થતાં કર્મો દિવ્ય બને છે. આવી દિવ્યતા સમાજ વચ્ચે સતત પ્રવૃત્ત હોય તો અનેકોમાં તેનો આવિર્ભાવ કરવા સમર્થ બને. સમાજ સંપૂર્ણપણે સન્માર્ગને અનુસરનારા લોકોનો બનેલો હોતો જ નથી. દરેક યુગમાં દરેક સમાજમાં કેટલીક એવી વ્યક્તિઓ હોય છે, જે સન્માર્ગનું અનુસરણ કરવા તત્પર હોય પરંતુ, તે માર્ગ વિશેની સમજણનો તેમનામાં અભાવ હોય. એ જ રીતે કેટલીક વ્યક્તિઓ એવી પણ હોય છે, જે સન્માર્ગને જાણતી હોય છતાં તેનું અનુસરણ કરવા ન ઈચ્છતી હોય. કેટલાક અજ્ઞાનથી સ્વાર્થી બને અને કેટલાક જ્ઞાન હોવા છતાં સ્વાર્થને જ મહત્ત્વનો ગણે. આ બધા જ મનુષ્યો માટે સમાજમાં દિવ્ય કર્મોની જ્યોત સદાય પ્રજ્જવલિત રાખવાની હોય છે. આને જ બીજા શબ્દોમાં આપણે '**લોકસંગ્રહ**' કહીએ છીએ. આનાથી જ અધ્યાત્મિકતાનાં સર્વોપરિ શિખરો પર વિશાળ સમાજનું આરોહણ થઈ શકે.

માનવીની અનુકરણવૃત્તિ અને પોતે આદર્શ તરીકે સ્વીકારેલ નેતારૂપ વ્યક્તિનું અનુસરણ કરવાની ભાવના દરેક સમયે અને સ્થળે તત્પર હોય છે. નેતા અને તેને અનુસારનારો વર્ગ એવા વિભાગો સર્વત્ર પડેલા

જ હોય છે. આ પ્રક્રિયા જેટલી વધારે તંદુરસ્ત અને સુર્દઢ તેમ સમાજ વધુ ઉન્નત બને. આથી જ ગીતા, આ તંદુરસ્ત આદર્શોની રચના અર્થે સમાજના સર્વોપરિ શિખરે બિરાજમાન પરમાત્માથી જ શરૂઆત કરે છે, તેને કંઈ જ કર્તવ્ય નથી. ન મળેલું મેળવવાનું નથી. અને છતાં તે કર્મમાં પ્રવૃત રહે જ છે.[9] આ જ્વલંત એવા ભગવાન કૃષ્ણના આદર્શ ઉદાહરણની સમાજ ઉપર શું અસર હોઈ શકે, તે કહેવાની ભાગ્યે જ જરૂર પડે.

આ રીતે યજ્ઞભાવના અને કર્મ માટેના આગ્રહમાં ગીતામાં ભારતીય સામાજિક તત્વચિંતનનો પાયો પડેલ છે. ભારતીય તંદુરસ્ત સમાજ માટે બે બાબતોની આવશ્યકતા હંમેશાં રહી છે. 1. તમામ વ્યક્તિઓનું સંપૂર્ણ જીવન અને 2. ત્યાગભાવના પર આધારિત સામાજિક સંબંધો. આપણેને જેને જ્ઞાનયોગનો પૂર્વાર્ધ કહીએ છીએ તેના દ્વારા આમાંની પહેલી બાબતનો ગીતા નિર્દેશ કરે છે અને યજ્ઞ તથા કર્મ દ્વારા બીજી બાબતોનો. ખૂબીની વાત તો એ છે આ બંને બાબતો વ્યક્તિના અંગત ઉત્કર્ષ સાથે સમાજજીવનની પોષક વૃત્તિ પણ બની રહે છે. અન્યાર્થે ત્યાગ કરવામાં માનવી ઘણું-ખરું અણગમો દર્શાવતો જ રહ્યો છે. વ્યક્તિવાદનું મોટામાં મોટું જોખમ જ એ છે કે જરૂરિયાતોનો વિસ્તાર કરતાં કરતાં વ્યક્તિ સ્વાર્થનું જ વિસ્તરણ કરતી જાય છે, એની કોઈ સીમા હોતી નથી. કેટલું આવશ્યક અને કેટલું નકામું તેનો કોઈ માપદંડ જાળવી શકાતો નથી. પરિણામે, આવી સમાજરચનામાં સંપત્તિનું કેન્દ્રીકરણ અને તેમાંથી બહુજનનો સંતોષ પ્રગટે છે. બીજી બાજુ સમાજવાદનો ફરિયાદ ત્યાગ માનવીને ત્યાગમાંથી છટકવાની યુક્તિઓ શોધવા પ્રયત્ન કરે છે. કાયદો કે શાસન વ્યક્તિમાં ત્યાગભાવના સર્જી શકતું નથી અને નર્યો વ્યક્તિવાદ સમાજભાવનાને પોષક બની શકતો નથી. ગીતા, વ્યક્તિમત્તાના વિસ્તરણ દ્વારા સમષ્ટિના ઉત્કર્ષનો જે વિચાર રજૂ કરે છે, તે આ ર્દષ્ટિએ ઘણો જ મહત્વનો ગણાય તેવો છે. ગીતાનો વિચાર કંઈક અંશે એવો છે કે ત્યાગ કરીને વાસ્તવમાં વ્યક્તિએ શું ગુમાવવાનું છે ? ત્યાગ વિનાનો ભોગ એ પાપ છે, કારણ કે તેનાથી ન તો વ્યક્તિ સાચી રીતે ભોગવી શકે છે, ન તો સમાજને તેમાં લાભ છે. ત્યાગ વિનાનો ભોગ જગતના ઈતિહાસમાં જે સમાજના મુઠ્ઠીભર લોકોએ કર્યો ત્યાં ત્યાં ભયાનક અને લોહિયાળ લોકક્રાંતિઓ સર્જાઈ, એ આપણે ન ભૂલવું જોઈએ. આવી ક્રાંતિઓ માનવીના મોંમોથી ભોગનો કોળિયો ઝૂંટવી લે છે. આવા અનર્થો રોકવાનો એકમાત્ર અસરકારક ઉપાય ઈશાવાસ્ય ઉપનિષદની જેમ જ ગીતા આપે છે. **'ત્યાગ દ્વારા ભોગવવાનું જાણો.'(तेन त्यक्तेन भुञ्जीथा)** જે આ જાણે છે તેને વ્યષ્ટિ-સમષ્ટિના સંઘર્ષની કોઈ જ પરવા રહેતી નથી. આમ, આપણે કહી શકીએ કે ગીતાનું સામાજિક તત્વચિંતનનું લક્ષ્ય વ્યષ્ટિ-સમષ્ટિનાં હિતોનો સમન્વય કરનારું છે. ત્યાગભાવના દ્વારા વ્યક્તિવાદનું વિસ્તરણ એ વ્યષ્ટિ-સમષ્ટિ સંઘર્ષનો ઉકેલ છે. આ પાયા પર જ ગીતાનું સામાજિક તત્વચિંતન ઉભું છે.

## ❁ <u>पादटीप</u>

१. श्रीमद्भगवद्गीता : ६/२९

२. श्रीमद्भगवद्गीता : १२/४

३. श्रीमद्भगवद्गीता : ३/११

४. श्रीमद्भगवद्गीता : ३/१२

५. श्रीमद्भगवद्गीता : ३/१३

६. श्रीमद्भगवद्गीता : ३/१६

७. इशावास्य उपनिषदः १/२

८. श्रीमद्भगवद्गीता : ३/८

९. श्रीमद्भगवद्गीता : ३/२२

❁ संदर्भग्रन्थाः


१. श्रीमद्भगवद्गीता : प्रकाशक : गीताप्रेस गोरखपुर

२. एकादशोपनिषदः (इशावास्य उपनिषद) : प्रकाशक : मोतीलाल बनारसीदास – दिल्ली,संस्करण : पञ्च, वाराणसी, १०६६

३. श्रीमन्महाभारतम् (मूलमात्रम्) (भीष्मपर्व) : महर्षि कृष्णद्वैपायनप्रणित , प्रकाशक : गीताप्रेस
, गोरखपुर,संस्करणम् : प्रथम